| | |
|---|---|
| આંક | |
| દાખલ થયા તા. | ૨૦/૧૨/૨૦૧૭ |
| રજુ કર્યા તા. | ૨૦/૧૨/૨૦૧૭ |
| ફૈંસલ કર્યા તા. | ૧/૧/૨૦૧૮ |
| સમય મર્યાદા | વર્ષ – માસ– દિવસ |
| | |

## મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૧૦ અમદાવાદ

## ફોજદારી કેસ નં.: ૭૯૪૪૯/૧૭

શ્રી સરકાર ..... ફરિયાદી

વિરુઘ્ધ.

ગણપતભાઈ બ્રિજલાલ વૈશય .............આરોપી

રામોલ,અમદાવાદ.

### ગુન્હોઃ– ઈ.પી.કોડની કલમ – ૨૮૩ મુજબ

## –// ચુ કા દો //–

(૧) ફરીયાદની હકીકત મુજબ ફરીયાદી પેટ્રોલીંગમાં હતા ત્યારે આરોપીએ પોતાના કબજાની ઘાસચારાની લારી રાખી આવતા જતાં રાહદારીઓ ને અડચણ રુપ અને ભયજનક રીતે અને માનવ જીદગી જોખમાય તે રીતે મુકી રાખતાં પોલીસે આરોપી

સામે ઈ.પી.કોડની કલમ – ૨૮૩ મુજબની ફરીયાદ નોંધી હતી. તપાસ કરનાર અમલદારે જરૂરી એવા સાહેદના નિવેદન લઈ આરોપી સામે પુરાવો પડતાં હોવાનું જણાતાં ચાર્જશીટ કર્યુ હતું.

(૨) આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપી તેની પ્લી રેકર્ડ કરતાં આરોપીને ગુન્હો કબુલ ન હોવાથી આગળની કાર્યવાહી કરી હતી.

(૩) ફરીયાદ પક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો

| અ.નં | આંક | સાહેદનું નામ | વર્ણન |
|---|---|---|---|
| ૧. | ૩ | જુવાનસીંહ થાવરાજી | ત.ક.અ. |

ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો.

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૪ | ફરીયાદ |

(૪) કેસની કાર્યવાહી પૂર્ણ થતાં ફરીયાદી અને આરોપી પક્ષની દલીલો સાંભળી.

(૫) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતા મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબજાની ઘાસચારાની લારી જાહેર માર્ગ ઉપર ઉભી રાખી અંતરાય ઉભો કરી ઈ.પી.કોડની કલમ –

૨૮૩ અન્વયેનો સજા પાત્ર ગુન્હો કર્યો છે. ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓનો જવાબ નીચે મુજબ આપુ છું.

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ

–//કા ર ણો//–

**(૭)મુદા નં – ૧ અને ૨.ની ચર્ચા :–**

હાલના કામે ફરીયાદની હકીકત મુજબ ફરીયાદ પક્ષે આરોપી સામેનો ગુન્હો પુરવાર કરવા માટે નીચે મુજબના મુદ્દા પુરવાર કરવા પડે જે નીચે મુજબ છે.

(૧) આરોપીએ તેમના કબજામાંની મીલકતની વ્યવસ્થા ન કરી .

(૨) તે કારણસર આરોપીએ જાહેર માર્ગમાં અન્ય વ્યકિતઓ માટે અંતરાય ઉભો કર્યો.

ઈ.પી.કોડની કલમ – ૨૮૩ ના સંદર્ભમાં એ હકીકત સમજવાની રહે છે કે, ફરીયાદ પક્ષે એ હકીકત પુરવાર કરવાની રહે છે કે, જાહેર માર્ગ ઉપર જે અંતરાય ઉભો થયો છે તે આરોપીના કારણસર ઉભો થયો છે અને તે માટે ફરીયાદ પક્ષે આ અંતરાય આરોપીના ધ્વારા જ ઉભો થયો છે તે હકીકત પુરવાર કરવાની રહે છે. દરેક અંતરાયથી અડચણ ઉભી થાય પરંતુ દરેક અડચણથી અંતરાય ઉભો થતો નથી. ફરીયાદ પક્ષના સાક્ષીની જુબાની ધ્યાને લઈએ તો પ્રથમ તો ફરીયાદ પક્ષે ફરીયાદના સંદર્ભમાં કોઈ પંચનામું કર્યુ નથી. જેથી ગુન્હાવાળી જગ્યાએ આરોપીની શું પરિસ્થિતિ હતી તે હકીકત સ્પષ્ટ થતી નથી. ફરીયાદ પક્ષના સાક્ષીઓએ રાબેતા મુજબના ક્રમમાં અંતરાય થયો હોવાની હકીકતને સમર્થન આપ્યું છે. સ્થળ ઉપર આરોપીની સ્થિતિ , વસ્તી ગીચતા, રોડની પહોળાઈ, આરોપીનું કૃત્ય એવી તમામ હકીકતના આધાર ઉપર આરોપીએ સ્થળ ઉપર અંતરાય ઉભો કર્યો છે તે હકીકત પુરવાર કરવા માટે મહત્વની બને છે. ફરીયાદ પક્ષના સમગ્ર પુરાવામાં આ બાબતની સ્પષ્ટતા નથી. રાબેતા મુજબના નિવેદનના આધારે ફરીયાદની હકીકત પુરવાર થયેલી માની શકાય નહિ. ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો

ધ્યાને લેતાં જાહેર માર્ગ ઉપર આરોપીની હવાલાની મીલકતની વ્યવસ્થા થઈ ન હોવાથી અન્યવ્યકિતઓને અડચણ અને અંતરાય ઉભા થયા છે તે હકીકત પુરવાર થતી નથી. જેથી મુદ્દા નંબર – ૧ નો જવાબ **"નકાર"** માં આપી, મુદા નંબર– ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–// હુ ક મ //–**

૧. આ કામે આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૨૫૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૮૩ મુજબનાં શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧/૧/૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા. ૧/૧/૨૦૧૮**
**સ્થળઃ અમદાવાદ.**

**(દિગ્નેશ કનૈયાલાલ સોની )**
**એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં. ૧૦, અમદાવાદ.**
( GJ 00729 )